ગાંધીનગર સમાચાર

તા. ૬-૩-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

# હોળી : દેશનો રાષ્ટ્રીય 'સ્ટ્રેસ બસ્ટર' ફેસ્ટિવલ - રંગોનો વસંતોત્સવ

દિવાળી જેટલો જ બલકે ઉત્તર ભારતમાં તો એથીય વધારે મહિમા ધરાવતું હોળીનું પર્વ એ હિંદુસ્તાનનું રંગભીનું રાષ્ટ્રીય પર્વ છે. કેન્દ્ર સરકાર હોળીના બીજા દિવસે જાહેર રજા રાખે છે અને આપણે જેને 'ધુળેટી' કહીએ છીએ તે દિવસે અખબારોનાં કાર્યાલયો પણ રજા પાળે છે. હકીકતમાં હોળી એ વસંતોત્સવની પરાકાષ્ઠા છે. વસંતપંચમીથી આરંભાયેલું આ આનંદ-ઓચ્છવનું પર્વ હોળીના દિવસોમાં પૂરબહાર ખીલે છે. સ્વાભાવિક રીતે જ આપણાં અન્ય ઉત્સવોની જેમ હોળી પાછળ પણ પુરાકલ્પન પડેલું છે. એમાં ભક્ત પ્રહલાદને એના જ પિતા હિરણ્યકશિપુ મારફ્ત અપાયેલ અમાનુષી ત્રાસની ઘટના સંકળાયેલી છે. જયારે પ્રહલાદે પિતાના આગ્રહ છતાં વિષ્ણુની ભક્તિ ન છોડી ત્યારે ક્રોધિત થયેલા ક્રૂર પિતાએ એને મારી નાખવાના વિવિધ ઉપાય યોજ્યા, જેમાંનો એક તે એને જીવતો બાળી કૂટવાનો ઉપાય એની ફોઇ હોલિકાએ સૂચવ્યો હતો. હોલિકા 'ફાયરપ્રૂફ' હતી, છતાં એનું કાવતરું એને જ ભારે પડ્યું, એ બળી ગઇ અને પ્રહલાદ્ હેમખેમ બચી ગયો. આ ઇશ્વર કૃપાના ચમત્કારને પોંખવા માટે દર વર્ષે ફાગણ સુદ પૂનમે હોળી પ્રગટાવવાની પરંપરા ચાલુ થઇ. હોળી એ રીતે પ્રતીક પર્વ છે અસત્ પર સત્‌ના વિજયનું. હોળીની ભડભડતી આગમાં આપણે હોલિકા જેવી કુત્સિત વૃત્તિઓને હોમી દઇએ અને આપણી ભીતર બેઠેલા નિર્દોષ, નિષ્કલંક, પ્રભુપરાયણ શિશિને બચાવી લઇએ - એવી ઉદાત્ત ભાવના સાથે આરંભાયેલું પર્વ નવા યુગ સંદર્ભે પર્યાવરણ સંરક્ષણનું પર્વ બની રહેવું જોઇએ. કચરો જરૂર બાળી - એથી સ્વાઇન ફ્લૂ જેવી બિમારીઓ ફેલાતી અટકશે; પરંતુ લાકડાં ન બાળીએ. હોળી ઉજવવા માટે વૃક્ષોની હિંસા ન કરીએ. હોળી પછી ધુળેટી ઉજવણી તો આનંદ - ઉલ્લાસની છોળો ઉડાડવાનો ઉત્સવ છે. આડા દિવસે જેની કલ્પના સુદ્ધાં ન કરી શકાય એવા ફાગ ખેલવાનો, નિર્દોષ મજાકમસ્તીનો તહેવાર છે, વ્રજ અને અવધની હોળી તો દુનિયાભરમાં જાણીતી છે. રંગોની મહેફિલ સમા આ તહેવારમાં બનાવટી, સિન્થેટિક કેમિકલ ભળ્યા છે, જે ચામડી, આંખ અને સરવાળે આખા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડે છે. આ તહેવારોમાં લોકો છાટકા બનીને દારૂ, ભાંગ-ગાંજો કે ચરસનો નશો કરી બિનજરૂરી આફ્ત વહોરી લેતા હોય છે. નિર્દોષ મજાક-મસ્તીની જગ્યાએ બહેન દીકરી કે વહુવારુની છેડતીની ઘટનાઓ બને છે. તહેવાર સાથે સંકળાયેલી આવી અનિષ્ટ સંભાવનાઓથી સાચવીને એનો આનંદ માણવો જોઇએ. આવા તહેવારો માનવીની આદિમ વૃત્તિને બહેકાવી મૂકતા હોય છે. એમાં જયારે નશો ભળે છે ત્યારે ગેંગરેપ જેવી ધૃણાસ્પદ દુર્ઘટના બને છે. હોળીનો વસંતોત્સવ જીવતરની હોળી ન બની રહે, એ માટે દરેક વ્યક્તિએ સામાજિક મર્યાદામાં રહી વર્તવું જોઇએ. ઉત્તર ગુજરાતમાં હોળીનો વધુ એક મહિમા નવજાત શિશુઓને 'હોળી તપાડવા'નો છે. પુત્રપ્રધાન સંસ્કૃતિમાં પહેલા પુત્રનો જન્મોત્સવ બહુ ઉલ્લાસભેર ઊજવાય છે, એ બાળકને તેડીને એનો પિતા અને પરિવારજનો હોળીની પ્રદક્ષિણા કરે છે. ઋતુચર્યાની દૃષ્ટિએ હોળીની જવાળાઓ કફ્નાશક શેક મળતાં બાળક વધુ સ્વસ્થ અને ચેતનવંતુ બને છે. આમ હોળીનો આરોગ્યલક્ષી સંદર્ભ પણ છે જ. ધાણી અને ખજૂર તથા સાકરના હારડા પણ આવા સ્વાસ્થ્યવર્ધક આહારનો જ ભાગ છે. ઉત્તર ભારતમાં અને મુંબઇ જેવાં મહાનગરોમાં રાજકારણીઓ દિવાળી કરતાં હોળી વધુ મહત્ત્વનો તહેવાર બની રહ્યો છે. બોલીવુડ હોળીના રંગે રંગાઇને મનોરંજન પૂરું પાડે છે. પરંતુ બીજી તરફ મીઠાઇથી લઇ રંગો સુધી ચાલતી ભેળસેળ એ ચિંતાનો વિષય બની રહે છે. હોળી-ધુળેટીના આનંદપર્વમાં આખા વરસના 'અબોલા' તૂટવા જોઇએ અને હૈયે પડેલી તિરાડો સંધાવી જોઇએ. માનવીના મનમાં ધરબાયેલું સંગીત બહાર આવવું જોઇએ. ભારતીય સંસ્કૃતિમાં આવાં પર્વો પાછળ ઉમદા ઉદ્દેશ છુપાયેલો હોય છે. એ ઉદ્દેશની સાર્થકતા નંદવાય નહીં અને તહેવાર વગોવાય નહીં, એની કાળજી લેવાની સૌની નૈતિક ફ્રજ બની રહે છે. હોળી, દિવાળી, મકરસંક્રાન્તિ કે નવરાત્રી જેવાં પર્વો હકીકતમાં ઋતુપર્વો છે. તેમની ઉજવણી પૂરી વૈજ્ઞાનિક સમજણ સાથે થવી જોઇએ. સામાન્ય પ્રજા એનો આનંદ-ઉલ્લાસ માણે છે અને આખા વરસનો થાક ઉતારી નવી ઉર્જા સાથે ફરી પોતાના કામધંધે વળગે છે. એ દૃષ્ટિએ હોળી-ધુળેટીનો ઉત્સવ એ ભારતીય સમાજનો સૌથી મોટો સ્ટ્રેસબસ્ટર તહેવાર છે. ક્યારેક હસવામાંથી ખસવા જેવું થઇ જાય ત્યારે આખી વાતને હળવાશથી લઇ 'બુરા ના માનો, હોળી હૈ' કહી એકમેકનું મોં મીઠું કરાવી લેવાનું ન ચૂકીએ. હોળી હોળી જ રહે - જીવતરમાં મેઘધનુષી અબીલ ગુલાલના રંગો પૂરનારું પર્વ બની રહે, એ 'હૈયા હોળી' ન બની જાય, એની કાળજી રાખવાની સૌની સહિયારી ફ્રજ છે.



ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી ચિનુ મોદી લીખીત અને નિર્માતા-દિગ્દર્શીત નાટક 'કાકો કે દાડાનો પૈણું પૈણું કરતો તો' સેક્ટર-૨૩ લગ્નવાડી ખાતે રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મીનાબેન વાઘેલા- કોર્પોરેટરશ્રી, ભરત કવિ- પ્રમુખ ગાંધીનગર સાહિત્ય સભા, જીગર રાણા મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. જયારે વસંત પરમાર, ભારતી ખંડાગલે, હર્ષદીપસિંહ જાડેજા, નિરવ વેગડા, રોનક માડગુત, જયદીપ પ્રજાપતિ અને શિલ્પા ઠાકરે અભિયન આપ્યો હતો. ગાંધીનગરના જ સીનીયર નાટ્ય કલાકાર હસમુખ મેકવાનના સહયોગ દ્વારા નાટકનો સફળ પ્રયોગ રહ્યો હતો. ઉલ્લેખનીય બાબત એ હતી કે તમામ દર્શકોને સ્વાઈન ફ્લુથી રક્ષણ મેળવવા માસ્ક આપવામાં આવ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

## હરિની દૃષ્ટિ...




અંકલજી મને મારો નહીં... હું ત્રીજીવાર તમારી છોકરીને રંગવા નથી આવ્યો... !! મારા જેવા કાળા મોં વાળા બીજા હતા.. !!



સર્વ વિદ્યાલય કડી કેમ્પસ સેક્ટર-૨૩ સ્થિત શ્રી વી.એમ. કુમાર અને એચ.વી. કન્યા બાલમંદિરમાં તા. ૫-૩-૧૫ને ગુરૂવારના રોજ 'હોળી-ધુળેટી' પર્વની ઉજવણી તેમજ વર્ષ દરમ્યાના વાર્ષિક રમતોત્સવના ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. રંગરંગીલા હોળી ઉત્સવમાં નાના બાળકોને સમૂહ પ્રાર્થના, હોળીગીત અને તહેવારલક્ષી માહિતી આપી હોલિકા દહન, પૂજન તેમજ પ્રદક્ષિણા કરાવી ત્યારબાદ સમગ્ર વર્ષ દરમ્યાન રમતની પ્રવૃત્તિમાં નંબર મેળવેલ બાળકોને મહેમાનશ્રીના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ક્રિએટીવઝોનના ઈન્ચાર્જ શ્રીમતી કિરણબેન પટેલ તથા ભગીની સંસ્થાના આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલ, શ્રીમતી દિપાલીબેન જોષી અને શ્રીમતી હસમતીબેન રામી તેમજ સર્વે સ્ટાફ હાજર રહી બાળકોનો હોળી ધુળેટીની શુભેચ્છા પાઠવી હતી.

## મફત ધ્યાન યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૫

દિવ્ય જીવન સંઘ અને ગાયત્રી શક્તિપીઠ દ્વારા મફત ધ્યાનયોગ શિબિર યોજવામાં આવશે. શિબિર તા. ૯ થી ૨૦ માર્ચ દરમિયાન સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન સેક્ટર-૧ ગાયત્રી શક્તિપીઠ ખાતે યોજાશે. યોગાસન, પર્યાવરણ સહિત વિવિધ બિમારીના ઉપચાર માટે એક્યુપ્રેસર અને કુદરતી ઉપચાર માટેના આસનો તેમજ પ્રાણાયમનું જ્ઞાન આપવામાં આવશે. શિબિરમાં બહેનો માટે અલગ આયોજન કરવામાં આવ્યું છે.

## સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા રાષ્ટ્રીય મહિલા સપ્તાહનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૫

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા આંતર રાષ્ટ્રીય મહિલા વીક નિમિત્તે તા. ૧૪મી માર્ચના શનિવારના રોજ બપોરે અઢી વાગે બ્રહ્મભવન સેક્ટર-૧૬ રંગમંચની સામે કાર્યક્રમ રાખેલ છે.

વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ બ્રહ્મ બહેનોને તથા બાળાઓનો સન્માન કાર્યક્રમ યોજેલ છે. ફાગુનના ગીતોની સ્પર્ધા, સામાજિક અને આરોગ્ય અંગેની જાણકારી-જાગૃતિ માટેનો કાર્યક્રમ રાખેલ છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા તથા હાજર રહેવા તા. ૧૧મી માર્ચ સુધીમાં નીચેના નંબરો પર પોતાના નામ નોંધાવવા પ્રમુખશ્રી પ્રતિભાબેન દવે અને મહામંત્રી જ્ઞાનદેવી ઉપાધ્યાયે જણાવ્યું છે. શ્રીમતી આશાબેન ભટ્ટ-૨૩૨૨૫૬૫૬ સે-૨૩, કું. અજનાબેન ગોર ૯૪૨૮૬ ૧૪૪૦૨ સે-૬, જ્ઞાનદેવી ઉપાધ્યાય ૯૯૨૪૧ ૯૯૩૨૨, વિમળાબેન અયાચી ૯૪૨૬૩ ૫૬૦૧૭ તથા બ્રહ્મભવન સે-૧૬ ફોન-૨૩૨૩૫૯૩૯ સવારે ૧૧ થી ૧૨૩૦ અને સાંજે ૪.૩૦ થી ૭ દરમિયાન નામ નોંધાવા જણાવાયું છે.

## કે. કે. પટેલ વિદ્યાલય કોલવડામાં વિદ્યાર્થીઓને શુભેચ્છા માટે ગાયત્રી મહાયજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા.૫

માર્ચ માસમાં ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા અર્થે શુભેચ્છા પ્રદાન કરવા શાળાના આચાર્યશ્રી ભાવનાબેન વાઘેલા અને સ્ટાફના સભ્યો દ્વારા ત્રણ કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજવામાં આવ્યો હતો. કેળવણી મંડળના પ્રમુખશ્રી અને સરપંચશ્રીના સાંનિધ્યમાં ગાયત્રીયજ્ઞનો શુભારંભ થયો હતો.

શ્રી પી.એસ. ઠકકર, શ્રી નટુભાઈ પટેલ, શ્રી ગોવિંદભાઈ નાયી, શ્રીમતી હીરાબેન નાયી, શ્રીમતી પારૂલબેન પટેલ દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. ગાયત્રીના આશીર્વાદ માટે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આહૂતિ આપી હતી. સમગ્ર પરીવાર સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને શુભાશિષ, પુષ્પવૃષ્ટિ કરી તેઓના ઉજ્જવળ ભવિષ્ય માટે પરીક્ષામાં સફળતા માટે આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી નારાયણભાઈ પટેલે પરિવારનો આભાર વ્યકત કર્યો હતો.

# રવિવારે ગાંધીનગરમાં ઐતિહાસિક મહિલા સાયકલ રેલી યોજાશે

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ગ્રીન ગર્લ્સ પ્રેરિત જી-૩ સાયકલ કલબનું આયોજન : સવારે ૬.૩૦ વાગે ઘ-૦થી મહાત્મા મંદિર સુધી રેલી યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની ગ્રીન ગર્લ્સ પ્રેરિત જી-૩ સાયકલ કલબ દ્વારા તા. ૮મી માર્ચ રવિવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે નગરના ઈતિહાસની સૌ પ્રથમ મહિલા સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલી રવિવારે સવારે ૬.૩૦ કલાકે ઘ-૦થી પ્રારંભ થશે અને મહાત્મા મંદિરે તેનું સમાપન કરાશે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં પ્રથમવાર મહિલા સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીનો ઉદ્દેશ પ્રદૂષણ ફેલાવતા યાંત્રિક વાહનોના વિકલ્પે માનવશકિતથી ચાલતા, પોષણક્ષમ, આરોગ્યપ્રદ અને આવાગમનના સલામત સાધન તરીકેના ફાયદાઓ બાબતે શહેરીજનોને સંવેદનશીલ થવા તથા આ બાબતે મહિલાઓમાં જાગૃતિ કેળવવાનો છે. આ રેલીમાં ભાગ લેવા ગાંધીનગરની તમામ મહિલાઓને ગ્રીન ગર્લ્સ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

મહીલા સાયકલ રેલીમાં ભાગ લેવા માટે દરેક સાયકલીસ્ટે પોતાના નામનું રજીસ્ટ્રેશન કરાવવા સે-૫-બીમાં પ્લોટ નં. ૭૪૪/૧ ખાતે પ્રીતિ સોનવણેનો અથવા સે-૨-એમાં પ્લોટ નં. ૭/૨ ખાતે ભૂમિ જોગાણીનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## સ્વાઈન ફલુ પ્રતિરોધક માસ્કનું વિતરણ

ગાંધીનગર, તા. ૫

વનશ્રી ટ્રસ્ટ દ્વારા રામપુરા ભોયણ શાળામાં સ્વાઈનફલુ રોગને અટકાવવાના પગલા લીધા હતા. ટ્રસ્ટ દ્વારા શાળાના બાળકોને માસ્ક અને ઔષધિય ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સ્વાઈન ફલુ રોગ કેવી રીતે ફેલાય છે અને તેનાથી બચવા માટેના પગલાની જાણકારી આપવામાં આવી હતી. વધુમાં કહ્યું હતું કે હોળીના દર્શન કરવા જાઓ ત્યારે પૂજાની થાળીમાં કપૂર ગોટી, ગુગળ લઈ હોમવા માટે જણાવ્યું હતું.

## ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા. ૫

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડીવિઝન ગાંધીનગર સેકટર-૧૧ ખાતે તા. ૧૬-૨-૨૦૧૫ના રોજ ૧૧-૦૦ કલાકે ડાક અદાલત યોજાશે.

અદાલતમાં ટપાલસેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. જે અંગેની આપની ફરિયાદો સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવિઝન, ગાંધીનગર સેકટર-૧૧ને મોડામાં મોડી તા. ૧૨-૩-૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ તેમજ ફરિયાદ સ્પષ્ટ, મુદ્દાસર તેમજ એક જ વિષય પર હોવી જોઈએ. નિતિવિષયક ફરિયાદોને ઉપરોકત ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાંઆવશે નહિ તે સિવાયની ફરિયાદો ધ્યાને લેવામાં આવશે નહિ તેમ અધિક્ષક ગાંધીનગર વિભાગે જણાવ્યું છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

## પાંચ દિવસ ઉકાળાનું વિતરણ કર્યુ

લવારપુર પ્રકાશ કેળવણી મંડળ, ગામના અગ્રણીઓ અને શ્રી સ્વામિનારાયણ દ્વી શતાબ્દી સ્મારક હાઈસ્કૂલ દ્વારા લવારપુર, જેઠીપુરા, બાસણ, શાહપુર, ગામમાં સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યએ ગામના વિદ્યાર્થીઓની સાથે ગ્રામજનોનું આરોગ્ય સારૂ રહે તેમને ઉકાળા વિતરણનું આયોજન કર્યું હતું. ઉકાળાનું પાંચ દિવસ સુધી વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો મોટા ભાગના ગ્રામજનોએ લાભ લીધો હતો.




## વિદાય લેતા વિદ્યાર્થીઓએ પ્રવાસ કર્યો

લેકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ચાલુ સપ્તાહમાં ધો-૧૦ અને ૧૨ બોર્ડના તમામ વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ તથા શુભેચ્છા કાર્યક્રમનું આયોજન અલગ રીતે વિજયનગર પોળોના જંગલમાં લઈ જઈ આયોજીત કરવામાં આવ્યું હતું. તમામ બાળકોએ પોળોના કેમ્પ સાઈડની મુલાકાત લઈ ત્યાંના સ્થાનિક વન વિસ્તારમાં વસતા પ્રાણીઓ, પક્ષીઓ, લોકઉપયોગી ઔષધીઓ તથા હરણાવ નદી ઉપર આવેલ વણજ ડેમનું પ્રાકૃતિક સૌદર્ય માણ્યું હતું. સાથે સાથે ધાર્મિક સ્થળોમાં ૧૫મી સદીના જૈન મંદિરો, વિરેશ્વર મહાદેવ, શરણેશ્વર મહાદેવ, શિવશકિત મંદિર વગેરેની મુલાકાત લીધી હતી.

પોળોના જંગલની ટેન્ટસીટીની મુલાકાત લઈ હિંમતનગર ખાતે આવેલ સ્વામિનારાયણ મંદીરના પ્રાંગણમાં તમામ વિદ્યાર્થીઓએ સ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત કરી એક દિવસીય કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં બાળકોએ આગામી પરીક્ષાના તણાવ અને હતાશાથી દૂર રહી પ્રવાસની મજા માણી હતી.

## ગાયત્રી પરિવાર દ્વારા માતૃવંદના સશક્તિકરણ કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા. ૫

ગાયત્રી પરિવાર મહિલા પાંખ દ્વારા ૮મી માર્ચે 'મહિલા દિન' નિમિત્તે મહિલા સશક્તદિનથી ઉજવણી માણેકબા વિદ્યાલય અડાલજ પી.ટી.સી. કોલેજમાં તા. ૨ માર્ચના રોજ સંપન્ન થયો.

પી.ટી.સી. કોલેજની વિદ્યાર્થીઓને સશક્ત બનવા, જીવનમાં નીડર બની, પગભર બની, સમાજની અડધી શક્તિઓ એવી નારીનું સ્થાન મજબૂત કરવા- સમજી વિચારીને જીવનમાં પગલું ભરવા - સમાજના ત્રણ પરિવાર પિયર, સાસરી અને પોતાના પરીવારનું ઉજ્જવળ ભવિષ્ય માટે સગાય સશક્ત બની દિકરીઓનું મહિલાઓનું સ્થાન અગ્ર રાખવા પરિવારના સુશ્રી જશુબેન ઠક્કરે અનુરોધ કર્યો છે.

તે દરમ્યાન પી.ટી.સી. કોલેજના પ્રિન્સીપાલ શ્રીમતી સુરેખા ચૌધરી, પ્રોફએસર જયાબેન, ટ્રેઈનર ભાવનાઅને ધરતીનું પંડીત રામશર્મા આચાર્ય લીખીત સાહિત્ય અને ઉપવસ્ત્ર પહેરાવી સન્માન કરાયુ. તેમજ તેમની આગામી પરીક્ષા નિમિત્તે શુભાશિષ પાઠવી ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે ચિ. ભાવનાના જન્મ દિન નિમિત્તે ૨૪ દિપ પ્રગટાવી જીવનને જ્યોતિની માફક ઉજાસભર બને તેવી મા ગાયત્રીને પ્રાર્થના કરી.

આ સમારોહમાં ૨૦૦ જેટલી વિદ્યાર્થીઓએ ગાયત્રી પરિવારના શ્રી ગોવિંદભાઈ નાયી, શ્રી બાબુભાઈ પંચાલ, શ્રીમતી ભારતીબેન, શ્રીમતી પારૂલબેને પુષ્પવૃષ્ટિ કરી શુભેચ્છા પાઠવી, ઉજ્જવળ ભવિષ્યની પ્રાર્થના કરી.



સેક્ટર-૨૩ સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં ધોરણ-૧૦ બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારોહમાં રામકૃષ્ણ સ્વામિએ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા અને ઉજ્જવળ કારકિર્દી માટે આશીર્વાદ પાઠવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને પ્રસાદી અને મિઠાઈ ખવડાવી શુભાષિશ પાઠવ્યા હતા.